[૨] ધંધાકીય અર્થશાસ્ત્રની વ્યાખ્યા :

ધંધાકીય અર્થશાસ્ત્ર એક એવું શાસ્ત્ર છે જે વ્યાપાર સંચાલન (business management)ના પ્રશ્નોના ઉકેલમાં આર્થિક સિદ્ધાંતોનો ઉપયોગ કરે છે. જુદા જુદા લેખકોએ ધંધાકીય અર્થશાસ્ત્રની જે વ્યાખ્યાઓ આપી છે, તેમાંથી કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે :

(૧) મેક્નાયર અને મેરિયમ : "ધંધાકીય પરિસ્થિતિઓના વિશ્લેષણ માટે આર્થિક વિચાર પદ્ધતિનો કઈ રીતે ઉપયોગ થાય છે તેનો ધંધાકીય અર્થશાસ્ત્રમાં અભ્યાસ કરવામાં આવે છે".[1]

(૨) સ્પેન્સર અને સીગલમેન : "સંચાલનમાં નિર્ણયીકરણ અને ભાવિ આયોજનમાં સુવિધા રહે એ હેતુથી ધંધાકીય વ્યવહારો અને આર્થિક સિદ્ધાંતોનું સંકલન એટલે સંચાલકીય અર્થશાસ્ત્ર".[2]

(૩) જોયલ ડીન : "ધંધાકીય અર્થશાસ્ત્ર એ આર્થિક સિદ્ધાંત અને વ્યાપારિક નિર્ણયો વચ્ચેના અંતરને પૂરું કરી દેતું શાસ્ત્ર છે".[3]

(૪) હેઈન્સ, મોટે અને પોલ : "ધંધાકીય અર્થશાસ્ત્ર એક એવું શાસ્ત્ર છે કે જે પેઢી અથવા સંચાલનના કોઈ અન્ય એકમની વિવિધ પ્રવૃત્તિઓ વચ્ચે તેને માટે પ્રાપ્ય એવાં સાધનોની ફાળવણી કઈ રીતે કરવી તેનો અભ્યાસ કરે છે."[4] વધુમાં તેઓ જણાવે છે કે, 'ધંધાકીય અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રનાં એવાં પાસાં અને તેનાં એવાં વિશ્લેષણ - સાધનોનો અભ્યાસ કરે છે કે જે પેઢીને તેની નિર્ણયીકરણની પ્રક્રિયામાં ખૂબ જ પ્રસ્તુત અને ઉપયોગી થઈ પડે છે".

(૫) ડી.સી. હેગ : "ધંધાકીય અર્થશાસ્ત્રમાં પેઢી અથવા સંચાલન હેઠળના કોઈપણ એકમનાં સાધનોની ફાળવણીનો અભ્યાસ થાય છે. આથી સંચાલકીય અર્થશાસ્ત્ર પણ આર્થિક પસંદગીનું જ શાસ્ત્ર છે".[5]

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી નીચેના મહત્ત્વના મુદ્દાઓ તારવી શકાય :

(૧) સંચાલકીય અર્થશાસ્ત્ર પેઢીના સંચાલનનો અભ્યાસ કરે છે.

(૨) પેઢીએ અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવાની હોય છે અને તેથી તે અનેક જરૂરિયાતો અનુભવે છે.

(૩) આ જરૂરિયાતો સંતોષવા માટેનાં સાધનોની પેઢીને અછત જણાય છે.

(૪) આથી પેઢી સમક્ષ અનેક જરૂરિયાતોના સંદર્ભમાં વૈકલ્પિક ઉપયોગવાળાં મર્યાદિત સાધનોની ફાળવણી કઈ રીતે કરવી તે અંગેનો પ્રશ્ન ઉદ્ભવે છે.

(૫) આમાંથી પસંદગીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આમ સંચાલકીય અર્થશાસ્ત્ર પસંદગીની સમસ્યા સાથે સંબંધ ધરાવે છે.

ટૂંકમાં, ધંધાકીય અર્થશાસ્ત્ર એ રૂઢિગત અર્થશાસ્ત્ર અને સંચાલકીય નિર્ણયીકરણ વચ્ચેની કડી સમાન છે. સંચાલકીય નિર્ણયીકરણની સમસ્યાના ઈષ્ટતમ ઉકેલ માટે આર્થિક સિદ્ધાંતોને કઈ રીતે લાગુ પાડી શકાય તેનો અભ્યાસ કરે છે. આ અંગેનો સ્પષ્ટ ખ્યાલ નીચેના ચાર્ટ પરથી આવી શકશે :

[૨.૧] ધંધાકીય અર્થશાસ્ત્રનાં લક્ષણો :

ઉપરોક્ત વ્યાખ્યા પરથી ધંધાકીય અર્થશાસ્ત્રનાં કેટલાંક મહત્ત્વનાં લક્ષણો નીચે પ્રમાણે તારવી શકાય :

(૧) ધંધાકીય અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રની જ એક શાખા છે :

આપણે જાણીએ છીએ કે અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનો પેઢીના સંચાલનમાં યોગ્ય ઉપયોગ કરવાના શાસ્ત્રને સંચાલકીય અર્થશાસ્ત્ર કહેવામાં આવે છે. જેવી રીતે ખેતીની પ્રવૃત્તિનાં આર્થિક પાસાંનો અભ્યાસ કરતા શાસ્ત્રને કૃષિ અર્થશાસ્ત્ર, ઉદ્યોગની આર્થિક પ્રવૃત્તિનો અભ્યાસ કરતા શાસ્ત્રને ઔદ્યોગિક અર્થશાસ્ત્ર, નાણાંકીય પરિબળોનાં આર્થિક પાસાંનો અભ્યાસ કરતા શાસ્ત્રને નાણાંકીય અર્થશાસ્ત્ર કહેવાય છે, એ જ રીતે પેઢીના સંચાલનનાં આર્થિક પાસાંનો વિશદ અભ્યાસ કરતા શાસ્ત્રને સંચાલકીય અર્થશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે. આમ, ધંધાકીય અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રની જ એક શાખા છે.

(૨) ધંધાકીય અર્થશાસ્ત્ર વ્યવહારુ અર્થશાસ્ત્ર છે :

ધંધાકીય અર્થશાસ્ત્રનું સ્વરૂપ વ્યવહારુ અર્થશાસ્ત્ર (applied economics)નું છે, કારણ કે અહીં પેઢીને લગતા જે અમૂર્ત સિદ્ધાંતો છે, તે પેઢીના વ્યવહારુ સંચાલન સુધી પહોંચાડીને રોજબરોજના નિર્ણયીકરણમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે.

(૩) ધંધાકીય અર્થશાસ્ત્રનું સ્વરૂપ એકમલક્ષી છે :

ધંધાકીય અર્થશાસ્ત્રના અભ્યાસનું એકમ પેઢી છે અને તેમાં પેઢીના સંચાલનની સમસ્યાઓનો અભ્યાસ કરવામાં આવે છે. સમગ્ર અર્થતંત્રને અભ્યાસના મુદ્દા તરીકે તેમાં આવરી લેવામાં આવતું નથી. આમ અહીં સમગ્ર અર્થતંત્રની કે ઉદ્યોગની સમતુલાનો નહિ, પરંતુ પેઢીના દૃષ્ટિબિંદુથી જ માંગ, ઉત્પાદન, ખર્ચનું માળખું, નફાનો ગાળો, મૂડીરોકાણ, ભાવનિર્ધારણ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

(૪) ધંધાકીય અર્થશાસ્ત્રમાં પેઢીના અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવામાં આવે છે :

ધંધાકીય અર્થશાસ્ત્ર એવા આર્થિક ખ્યાલો અને સિદ્ધાંતોનો વિશેષ ઉપયોગ કરે છે કે, જે પેઢીના સિદ્ધાંત અથવા તો પેઢીના અર્થશાસ્ત્ર તરીકે ઓળખાય છે. તદ્ઉપરાંત, નફાનો સિદ્ધાંત કે જે વહેંચણીના સિદ્ધાંતનો એક ભાગ છે તેનો પણ તે અભ્યાસ કરે છે.

(૫) ધંધાકીય અર્થશાસ્ત્ર આદર્શલક્ષી વિજ્ઞાન છે :

ધંધાકીય અર્થશાસ્ત્ર આદર્શલક્ષી વિજ્ઞાન છે, એટલે કે, તેના અભ્યાસનો હેતુ માત્ર **'જ્ઞાનપ્રાપ્તિ'નો જ નહિ, પરંતુ 'લાભપ્રાપ્તિ'નો પણ છે.** દાખલા તરીકે, સંચાલકીય અર્થશાસ્ત્રમાં પેઢીએ તેના હેતુઓ નક્કી કર્યા બાદ એ હેતુઓને સૌથી વધુ સારી રીતે સિદ્ધ કરવા માટે કયાં પગલાં લેવાં જોઈએ, તેનો અભ્યાસ કરવામાં આવે છે. તેમાં પેઢીને મહત્તમ નફાની સ્થિતિ કઈ રીતે પ્રાપ્ત થશે તેનો વિચાર કરવામાં આવે છે. વૈકલ્પિક નિર્ણયોમાંથી કયો નિર્ણય સૌથી વધુ લાભદાયી નીવડશે તેની તપાસ કરવાની હોય છે. જે નિર્ણય મહત્તમ લાભ અપાવે તેમ હોય તે નિર્ણયનો અમલ પેઢીના સંચાલનમાં કરવામાં આવે છે. આમ, ધંધાકીય અર્થશાસ્ત્રમાં મૂલ્યાંકન કે આદર્શોનો પ્રશ્ન અનિવાર્ય રીતે સંકળાયેલો છે. ધંધાકીય અર્થશાસ્ત્ર હંમેશા હેતુઓની સિદ્ધિ સાથે સંબંધ ધરાવે છે;[6] તે સાધ્યો કે હેતુઓની બાબતમાં તટસ્થ રહી શકતું નથી, કારણ કે પેઢીના સંચાલનમાં કોઈ નિર્ણય સારો છે કે ખરાબ, ઓછો લાભદાયી છે કે વધુ લાભદાયી છે, કે પછી નુકસાનકારક છે, તે અંગે તેણે સ્પષ્ટ અભિપ્રાય ઉચ્ચરવાનો હોય છે. આમ ધંધાકીય અર્થશાસ્ત્ર આદર્શલક્ષી વિજ્ઞાન છે. **પ્રો. ડી. સી. હેગના** શબ્દોમાં કહીએ તો, ધંધાકીય અર્થશાસ્ત્ર એ પેઢીનું એકમલક્ષી અર્થશાસ્ત્ર છે, જે સ્વરૂપમાં આદર્શલક્ષી છે. બીજા શબ્દોમાં કહીએ તો ધંધાકીય અર્થશાસ્ત્ર એ વિશિષ્ટ સ્વરૂપનું **'એકમલક્ષી આદર્શલક્ષી અર્થવિજ્ઞાન છે.'** (a typical normative micro-economic science).

(૬) ધંધાકીય અર્થશાસ્ત્ર કળા પણ છે :

ધંધાકીય અર્થશાસ્ત્ર પેઢીના નિર્ધારિત હેતુને ઉત્તમમાં ઉત્તમ રીતે પાર પાડવાની રીત દર્શાવે છે. ઉદાહરણ તરીકે, પેઢીને મહત્તમ લાભ કે નફો કઈ રીતે થાય તે અંગેના જુદા જુદા વિકલ્પો તે આપણી સમક્ષ રજૂ કરે છે. આ વિકલ્પોમાંથી કોઈ એક શ્રેષ્ઠતમ વિકલ્પ અપનાવીને આપણે મહત્તમ નફાનો હેતુ સિદ્ધ કરી શકીએ : આમ નિર્ધારિત હેતુ સિદ્ધ કરવા માટે તે શ્રેષ્ઠતમ રીત પૂરી પાડે છે. આ રીતે જોતાં ધંધાકીય અર્થશાસ્ત્રને કળા પણ કહી શકાય.

(૭) ધંધાકીય અર્થશાસ્ત્ર સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સાથે પણ સંબંધ ધરાવે છે :

ધંધાકીય અર્થશાસ્ત્રનું એકમલક્ષી સ્વરૂપ હોવા છતાં તે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સાથે પણ સંબંધ ધરાવે છે. યોગ્ય નિર્ણયીકરણ માટે સંચાલકે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના સિદ્ધાંતનો પરિચય કેળવવો પડે છે. કોઈપણ પેઢીના સંચાલનલક્ષી નિર્ણયો ઉપર સમગ્રલક્ષી પરિબળો ખૂબ જ ઘેરી અસર પહોંચાડતા હોય છે. દાખલા તરીકે, રાષ્ટ્રીય આવકમાં થતા ફેરફારો અથવા તેજી-મંદીની આર્થિક અસરો અથવા રાજ્યની આર્થિક નીતિ વગેરે પરિબળોની અસરોથી કોઈ એક વ્યક્તિગત પેઢી અલિપ્ત રહી શકે નહિ. આથી નિર્ણયો લેતી વખતે આ બધાં જ પરિબળોનો અભ્યાસ કરવો જરૂરી બને છે. આમ, વ્યાપારચક્રો, રાષ્ટ્રીય આવક, કુલ રોજગારી જેવા પ્રશ્નો

તથા કરવેરા, વિદેશ વ્યાપાર, મજૂર સંબંધો જેવી બાબતોને લગતી સરકારની આર્થિક નીતિનો અભ્યાસ મૅનેજરને સંચાલકીય નિર્ણયો લેવામાં માર્ગદર્શકરૂપ બને છે. આ બધાં પરિબળોની અસરને ધ્યાનમાં લઈ સંચાલક પેઢીનું ભાવિ આયોજન કરે છે.

(૮) ધંધાકીય અર્થશાસ્ત્રના અભ્યાસમાં મહદંશે નિગમન તર્કપદ્ધતિનો ઉપયોગ થાય છે :

ધંધાકીય અર્થશાસ્ત્ર આંકડાશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રનો ઉપયોગ કરીને નિગમન તર્ક પદ્ધતિની સહાયથી જરૂરી તારણો તારવે છે :

(૯) અર્થશાસ્ત્ર કરતાં ધંધાકીય અર્થશાસ્ત્રનો અભ્યાસવ્યાપ મર્યાદિત છે :

ધંધાકીય અર્થશાસ્ત્ર એ પેઢીના સંચાલનના પ્રશ્નો સાથે જ સંબંધ ધરાવે છે, જ્યારે અર્થશાસ્ત્ર દરેક આર્થિક ઘટક સાથે વ્યક્તિગત રીતે અને સમૂહગત રીતે સંબંધ ધરાવે છે. ધંધાકીય અર્થશાસ્ત્ર વહેંચણીના સિદ્ધાંતમાંથી માત્ર નફાના સિદ્ધાંતની જ વિચારણા કરે છે, જ્યારે અર્થશાસ્ત્રમાં નફા ઉપરાંત ભાડું, વેતન અને વ્યાજના સિદ્ધાંતોનો પણ સમાવેશ થાય છે. આમ, અર્થશાસ્ત્ર કરતાં ધંધાકીય અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર મર્યાદિત છે.

[3] ધંધાકીય અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર :

ધંધાકીય અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં નીચેના મુખ્ય મુદ્દાઓનો સમાવેશ થાય છે :

(૧) માંગ-વિશ્લેષણ અને માંગની આગાહી : (Demand Analysis and Demand Forecasting) :

પેઢી ઉત્પાદનનાં સાધનોની મદદથી વસ્તુનું ઉત્પાદન કરે છે અને ત્યારબાદ તેનું વેચાણ કરે છે. સંચાલકીય નિર્ણયો માંગના ચોકસાઈ ભરેલા અંદાજ પર આધાર રાખે છે. સાધનોને કામે લગાડી વસ્તુનું ઉત્પાદન કરવામાં આવે, તે પહેલાં વેચાણ કે માંગ વિષેની આગાહી જરૂરી બને છે. માંગની આગાહી સંચાલન માટે, બજાર ટકાવી રાખવામાં તેમજ તેનો વ્યાપ વધારવામાં માર્ગદર્શનરૂપ બને છે. આથી જ માંગની આગાહી વેપાર કે ધંધાના આયોજન માટેની પૂર્વશરત ગણાય છે. માંગની આગાહીને આધારે જ નફાનો અંદાજ બાંધી શકાય અને પેઢીના વિકાસ માટેના વિકલ્પો વિષે વિચારી શકાય. આમ, જ માંગની આગાહી સંચાલકીય અર્થશાસ્ત્રમાં વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે. આ મુદ્દા હેઠળ **માંગનાં નિર્ણાયક પરિબળો, જુદા જુદા પ્રકારની માંગ વચ્ચેના તફાવતો, માંગની મૂલ્ય સાપેક્ષતા અને માંગની આગાહી વગેરેનો** અભ્યાસ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અને ઉત્પાદન વિશ્લેષણ : (Cost and Production Analysis) :

પેઢીની કિંમતવિષયક નીતિના ઘડતરમાં ઉત્પાદનખર્ચ એ અત્યંત મહત્ત્વનું પરિબળ છે. પેઢીના રોજબરોજના હિસાબો ઉપરથી પેઢીના ખર્ચની માહિતી સંચાલક મેળવીને તેના આધારે કિંમતવિષયક નિર્ણયો લઈ શકે છે. અહીં ખર્ચમાં ફેરફાર લાવતાં પરિબળોનો પણ અભ્યાસ કરવામાં આવે છે. આમ છતાં ખર્ચના માપ સંબંધમાં ચોકસાઈ આવી શકતી નથી, કારણ કે ખર્ચને અસર કરતાં બધાં જ પરિબળો વિશે હંમેશાં માહિતી મળી શકતી નથી. વળી ખર્ચ પર અસર કરતાં કેટલાંક પરિબળો પેઢીના અંકુશની બહારનાં પરિબળો હોય છે. નફાના આયોજન માટે ખર્ચ વિષે જાણકારી મેળવવી અને તેનું માપ કાઢવું જરૂરી બને છે, તે ઉપરાંત યોગ્ય કિંમતનીતિ ઘડવામાં પણ ખર્ચના ખ્યાલો અને તેનું માપ ઉપયોગી નીવડે છે.

ખર્ચ વિશ્લેષણ નિર્ણય લેવા માટે જરૂરી ભૂમિકા પૂરી પાડે છે. પેઢી માંગની આગાહીને લક્ષમાં રાખી પ્રાપ્ય સાધનો વડે ન્યૂનતમ ખર્ચે ઈષ્ટતમ ઉત્પાદન કરવા માટે પ્રયાસ કરે છે. ઉત્પાદન વિશ્લેષણ ભૌતિક વસ્તુના સંદર્ભમાં કરવામાં આવે છે, પરંતુ ખર્ચનું વિશ્લેષણ નાણાંના સંદર્ભમાં કરવામાં આવે છે. આ મુદ્દા હેઠળ **ખર્ચના વિવિધ ખ્યાલો, ખર્ચનું વર્ગીકરણ, ખર્ચ-ઉત્પાદન સંબંધો, ખર્ચ અને પ્લાન્ટનું કદ, બહુવિધ ઉત્પાદનનું ખર્ચ, ખર્ચ અને નફાની આગાહી** વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

(૩) ભાવ વિશ્લેષણ : (Pricing Theory and Policies) :

ધંધાકીય અર્થશાસ્ત્રમાં કિંમત અંગેના નિર્ણયો ખૂબ જ મહત્ત્વ ધરાવે છે, કારણ કે પેઢીની સફળતા કે નિષ્ફળતાનો આધાર તે કિંમત અંગે કેવા પ્રકારના નિર્ણયો લે છે તેના પર રહેલો છે. પેઢી કેવા પ્રકારની કિંમતનીતિ અપનાવે છે અને તેનો અમલ કેવી રીતે કરે છે, તેના પર પેઢીની સફળતા આધારિત છે. પેઢીની કિંમતનીતિ અને તેનો અમલ તેની આવક પર અને નફા પર અસર કરે છે. આમ, કિંમતનીતિનો અમલ, પેઢીની આવક અને નફો પેઢીની સફળતાની કસોટી છે. જુદા જુદા પ્રકારનાં બજારો જેવાં કે પૂર્ણ હરીફાઈ, ઈજારો; ઈજારાયુક્ત હરીફાઈ અને અલ્પહસ્તક ઈજારાવાળી હરીફાઈ વગેરે હેઠળ કિંમત કેવી રીતે નક્કી થતી હોય છે તેનો પણ અહીં વિચાર કરવામાં આવે છે. ટૂંકમાં, આ મુદ્દા હેઠળ **જુદા જુદા પ્રકારનાં બજારોમાં કિંમત નિર્ધારણ, કિંમતનીતિઓ, કિંમત પદ્ધતિઓ, કિંમત-તફાવતો, એક જ જૂથની વિવિધ વસ્તુઓની કિંમતો વચ્ચેનો સંબંધ વગેરેનો** અભ્યાસ કરવામાં આવે છે.

(૪) નફાનું માપ અને આયોજન : (Profit Measurement and Planning) :

સામાન્ય રીતે વ્યાપારી પેઢીઓનો હેતુ નફો કમાવાનો હોય છે. લાંબા ગાળે નફો જ પેઢીની સફળતાનો માપદંડ ગણાય છે. સમય બદલાતો જાય છે તેમ તેમ જોકે આ ખ્યાલ પણ બદલાતો જાય છે. આમ છતાં આર્થિક દૃષ્ટિએ પેઢીની કાર્યક્ષમતા માપવા અંગેનું અગત્યનું સાધન નફો જ છે. નફા અંગે જુદા જુદા સિદ્ધાંતો વિકસાવવામાં આવ્યા છે. નફાના માપના ધોરણમાં પણ ફેરફારો થતા રહે છે. અમુક પેઢીમાં એવું પણ જોવા મળે કે દેખીતી રીતે પેઢી નફો કરતી હોય, પરંતુ ઘસારો તથા અન્ય ખર્ચાઓ લક્ષમાં લેતાં નફાને બદલે ખોટ જતી હોય. આથી જ ધંધાકીય અર્થશાસ્ત્રમાં, સામાન્ય અર્થશાસ્ત્રમાં નફા અંગેના જે સિદ્ધાંતો છે, તેમનો ઉપયોગ ન કરતાં નફાના વિશ્લેષણ માટે સુસંગત એવા સિદ્ધાંતો વિકસાવવામાં આવ્યા છે.

નફા સાથે જોખમ અને અનિશ્ચિતતા સંકળાયેલાં છે. **જોખમ અને અનિશ્ચિતતાનો અભ્યાસ સંભાવનાના સિદ્ધાંત (Probability Theory)ના અભ્યાસ તરફ દોરી જાય છે. સંભાવનાનો સિદ્ધાંત ધંધાકીય અર્થશાસ્ત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.** પેઢીનો સંચાલક તેણે લીધેલા નિર્ણયને અસર કરતાં બધાં પરિબળો વિશે માહિતી ધરાવતો હોતો નથી, આથી તેણે અનિશ્ચિતતાનો સામનો કરવો પડે છે. સંભાવનાનો સિદ્ધાંત અનિશ્ચિતતાનો સામનો કરવા માટે ઉપયોગી તર્ક પૂરી પાડે છે. આમ છતાં નફાના આયોજનમાં અનિશ્ચિતતા રહે જ છે. નફા સંબંધી વિચારણામાં નફાનું સ્વરૂપ અને માપ, નફા સંબંધી નીતિઓ, નફા આયોજનની પદ્ધતિઓ જેમ કે સમતૂટ વિશ્લેષણ, ખર્ચ અંકુશ વગેરેનો સમાવેશ થાય છે.

(૫) મૂડી અંદાજપત્ર : (Capital Budgeting) :

પેઢીની બધી જ પ્રવૃત્તિઓ માટે નાણાંકીય સાધનોની પ્રાપ્તિ અને વ્યવસ્થા એક અતિ મહત્ત્વનો પ્રશ્ન બને છે. આધુનિક અર્થવ્યવસ્થામાં વધુ ને વધુ મૂડીપ્રધાન બનતી જતી ઉત્પાદન-પદ્ધતિને લીધે મૂડી-બજેટનું મહત્ત્વ ઘણું વધી જવા પામ્યું છે. સંચાલકો માટે આ મૂડીબજેટનો વિષય જટિલ અને ગૂંચવણભર્યો માલૂમ પડ્યો છે; વિશેષ કરીને મૂડીરોકાણ વિષયક નિર્ણયો સંચાલકોની આકરી કસોટી કરે છે. આથી મૂડીબજેટ તૈયાર કરવાનું અને મૂડીરોકાણ વિષયક નિર્ણયો લેવાનું કાર્ય ઉચ્ચ કક્ષાના સંચાલકોને હસ્તક રાખવામાં આવે છે. મૂડીબજેટમાં મૂડીનાં પ્રાપ્તિસ્થાનો, મૂડીની ફાળવણી, મૂડી-ખર્ચ પર અંકુશ વગેરે મુદ્દાઓ ખૂબ મહત્ત્વનાં છે. તદુપરાંત, મૂડીપ્રાપ્તિનું ખર્ચ, વળતરનો દર અને ચોક્કસ પ્રોજેક્ટની પસંદગીના પ્રશ્નોનો પણ આ વિભાગ હેઠળ અભ્યાસ કરવામાં આવે છે.

તાજેતરનાં વર્ષોમાં ધંધાકીય અર્થશાસ્ત્ર અને કાર્યલક્ષી સંશોધનકાર્ય (operations research) વચ્ચે પણ સંકલન સાધવાના પ્રયાસ થયેલા છે. નિર્ણય લેવાની પ્રક્રિયામાં સુધારો થાય તે દૃષ્ટિથી ધંધાકીય અર્થશાસ્ત્રમાં કાર્યલક્ષી સંશોધન કાર્યનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પ્રો. કલાર્કસનના જણાવ્યા પ્રમાણે આવી પ્રવૃત્તિઓ અને ટેક્નિકો સમાવી લે એ રીતે જ સંચાલકીય અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રનો વિચાર કરવો જોઈએ. આ કારણોસર રૈખિક કાર્યક્રમ (linear programming) ઈન્વેન્ટરી મોડેલ્સ, ઘટક - ઉત્પાદન વિશ્લેષણ (input - output analysis) રમતોનો સિદ્ધાંત (theory of games) જેવા ગાણિતિક સિદ્ધાંતો અને ખ્યાલોનો ધંધાકીય અર્થશાસ્ત્રમાં વધુ ને વધુ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એ જ રીતે, સંચાલકીય નામા પદ્ધતિ (management accounting)નો પણ આજે બહોળા પ્રમાણમાં ઉપયોગ થતો જોવા મળે છે અને એક વલણ ધંધાકીય અર્થશાસ્ત્ર અને સંચાલકીય નામાપદ્ધતિ એ બન્નેનું સંકલન કરવાની દિશામાં પણ કાર્યરત બન્યું છે.

આમ, ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થશે કે ધંધાકીય અર્થશાસ્ત્રના અભ્યાસનું કાર્યક્ષેત્ર ઘણું વિશાળ છે અને હજુ પણ વિસ્તરતું જાય છે.

[૨] વૃદ્ધિનો ખ્યાલ અથવા અધિકતાનો ખ્યાલ (The Incremental Concept) :

વૃદ્ધિના ખ્યાલને અધિકતાના ખ્યાલ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ખ્યાલ નિર્ણયીકરણની પ્રક્રિયા સાથે સંકળાયેલો ખ્યાલ છે. સંચાલક જ્યારે કોઈ નવો નિર્ણય લે છે અથવા તો અગાઉ લીધેલા નિર્ણયોમાં ફેરફાર કરે છે, ત્યારે તેને લીધે કિંમત, ઉત્પાદન, મૂડીરોકાણ વગેરે પરિબળોમાં પણ ફેરફાર થવા પામે છે અને તેની અસર અંતે પેઢીની કુલ આવક અને કુલ ખર્ચ ઉપર પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો, પેઢીનો સંચાલક જ્યારે કોઈ નિર્ણયમાં ફેરફાર કરે છે ત્યારે પેઢીની કુલ આવક અને કુલ ખર્ચ ઉપર તેની ચોક્કસ પ્રકારની અસર પડતી હોય છે. અમુક નિર્ણય લેવાથી પેઢીની કુલ આવક અને કુલ ખર્ચમાં કેટલો 'વધારો' થાય છે, તે અંગેની સમજૂતી 'વૃદ્ધિના ખ્યાલ' દ્વારા મળી રહે છે.

આ રીતે જોતાં વૃદ્ધિના ખ્યાલમાં આવકની વૃદ્ધિ અને ખર્ચની વૃદ્ધિ એ બે પાયાના ખ્યાલોનો સમાવેશ થાય છે. લેવામાં આવેલા અમુક નિર્ણયને પરિણામે કુલ આવકમાં જે વધારો થાય છે, તેને **'આવકની વૃદ્ધિ'** કહેવામાં આવે છે, જ્યારે આવા નિર્ણયને પરિણામે ખર્ચમાં જે વધારો થાય છે, તેને **ખર્ચની વૃદ્ધિ** તરીકે ઓળખવામાં આવે છે.

વૃદ્ધિના ખ્યાલ દ્વારા સંચાલકના નિર્ણય અંગેના વિકલ્પોની અસર સમજાવવામાં આવે છે. આ માટે કુલ ખર્ચમાં થતા ફેરફારોની કુલ આવકમાં થતા ફેરફારો પર પડતી અસરની તુલના કરવામાં આવે છે, કે જેથી વૈકલ્પિક નિર્ણયોની અસરોનો તુલનાત્મક ખ્યાલ મેળવી શકાય. નિર્ણયની ચોખ્ખી અસર કે જે ચોખ્ખી આવકમાં થતાં ફેરફારોમાં પ્રતીત થાય છે, તે વધારાના ખ્યાલ દ્વારા સમજાવી શકાય છે.

સંચાલકનો નિર્ણય નફાકારક ત્યારે બનશે કે જ્યારે ચોખ્ખી આવકમાં વધારો થાય, જે નીચેનામાંથી કોઈ પણ પરિસ્થિતિમાં બની શકે :

સંચાલકના નિર્ણયને પરિણામે :

૧. જો આવક વધે અને ખર્ચ ઘટે.

૨. જો ખર્ચમાં વધારા કરતાં આવકમાં ઊંચા દરે વધારો થાય.

૩. જો આવક કરતાં ખર્ચમાં વધુ ઘટાડો થાય.

૪. જો કેટલાક ખર્ચમાં થતા વધારા કરતાં બીજા ખર્ચમાં થતો ઘટાડો વધુ હોય.

૫. કેટલીક આવકમાં થતા ઘટાડા કરતાં અન્ય આવકમાં થતો વધારો ઊંચો હોય, તો તે નિર્ણય નફાકારક બનશે અને ચોખ્ખી આવકમાં વધારો આણશે.

સંચાલકના કોઈ એક નિર્ણયની અસર ખર્ચની અનેક વિગતો પર પડે છે, જેને પરિણામે એક બાજુએ ખર્ચ વધે છે, તો કેટલીક વિગતોનું ખર્ચ ઘટે છે. તેવી જ રીતે કોઈ એક નિર્ણયને પરિણામે એક બાજુએ આવકમાં વધારો થાય છે, તો બીજી બાજુએ ઘટાડો થાય છે. આવી પરિસ્થિતિમાં ઉત્પાદકને યોગ્ય નિર્ણય લેવામાં વધારાનો ખ્યાલ ઉપયોગી માર્ગદર્શન આપે છે. **પ્રો. હેનરી અને હેન્સના** મતે ''આવકમાં થતો વધારો સંચાલકના નિર્ણયને પરિણામે કુલ

આવકમાં થતો ફેરફાર દર્શાવે છે. આવકમાં થતો વધારો એ આવકની બધી વિગતોમાં થતા ફેરફારો (વિધેયાત્મક અને ઋણાત્મક)નો સરવાળો છે. તેવી જ રીતે ખર્ચમાં થતો વધારો ખર્ચની બધી વિગતોમાં થતા ફેરફારો (વિધેયાત્મક અને ઋણાત્મક)નો સરવાળો છે." આવકમાં થતા કુલ વધારા અને ખર્ચમાં થતા કુલ વધારા વચ્ચેનો તફાવત સંચાલકના નિર્ણયની પેઢીના ચોખ્ખા નફા પરની અસર દર્શાવે છે.

વૃદ્ધિના ખ્યાલના અભ્યાસની સમજૂતી ઉદાહરણ દ્વારા વધુ સ્પષ્ટ થશે. કેટલાક સંચાલકો એવું દૃષ્ટિબિંદુ ધરાવે છે કે, એકંદર નફાપ્રાપ્તિ માટે દરેક વિગતમાં પણ નફો પ્રાપ્ત થવો જ જોઈએ, પરિણામે તેઓ એવા ઑર્ડરનો અસ્વીકાર કરે છે, કે જે પૂર્ણ ખર્ચ વત્તા નફા માટેનો અવકાશ આવરી ન લેતા હોય. ઉપરોક્ત વલણને પરિણામે સંચાલક લાંબે ગાળે ખર્ચ કરતાં આવકમાં ઊંચો વધારો આપે, એવા ધંધાને નકારે છે અને તેથી તે મહત્તમ નફો મેળવી શકતો નથી.

સંચાલકનું ઉપરોક્ત દૃષ્ટિબિંદુ યોગ્ય ગણી શકાય નહીં, કારણ કે પેઢીની દૃષ્ટિએ પૂર્ણ ખર્ચ નહીં પરંતુ વધારાનું ખર્ચ જ યથાર્થ રીતે સંબંધ ધરાવે છે, જે નીચેના ઉદાહરણ દ્વારા સમજાવી શકાય. ધારો કે નવો ઑર્ડર સંચાલકને ₹ ૧૦,૦૦૦ની વધારાની આવક આપશે, જેને અમલમાં મૂકવા માટેના ખર્ચનો અંદાજ નીચે પ્રમાણે છે :

ખર્ચની વિગત	ખર્ચ ₹
શ્રમ ખર્ચ	૩,૦૦૦
સાધનપ્રાપ્તિનું ખર્ચ	૪,૦૦૦
એકંદર સ્થિર ખર્ચ	૩,૬૦૦
વેચાણખર્ચ અને વહીવટીખર્ચ	૧,૪૦૦
પૂર્ણ ખર્ચ	**૧૨,૦૦૦**

આમ ઉપરોક્ત ઉદાહરણમાં નવા ઑર્ડરના સ્વીકારને પરિણામે સંચાલકે ₹ ૧૨,૦૦૦ જેટલો પૂર્ણ ખર્ચ કરવો પડે છે, કે જે દેખીતી રીતે બિનનફાકારક છે, કારણ કે તેને વધારાની આવક તો ₹ ૧૦,૦૦૦ જેટલી જ મળે છે. પરંતુ ધારો કે પેઢીમાં વણવપરાયેલ કે ફાજલ ઉત્પાદનશક્તિ હોય, કે જેને પરિણામે ઉપરોક્ત ઑર્ડરનો અમલ કરી શકાય; એમ પણ ધારવામાં આવ્યું છે કે એકંદરે સ્થિર ખર્ચમાં માત્ર ₹ ૧,૦૦૦નો જ વધારો થશે; વધારાનું વેચાણખર્ચ પણ નહીં થાય અને શ્રમના ખર્ચમાં પણ આંશિક વધારો જ થશે (કામદારોના શ્રમના પૂર્ણ વપરાશને કારણે). ઉપરોક્ત ધારણા પર આધારિત નવા ઑર્ડરના સ્વીકારને પરિણામે વધારાનું ખર્ચ નીચે મુજબનું હશે :

ખર્ચની વિગત	ખર્ચ
શ્રમ	₹ ૨,૦૦૦
સાધનપ્રાપ્તિ	₹ ૪,૦૦૦
એકંદર સ્થિર ખર્ચ	₹ ૧,૦૦૦
કુલ વધારાનું ખર્ચ	**₹ ૭,૦૦૦**

આમ નવા ઑર્ડરને પરિણામે પ્રથમ નજરે સંચાલકને ₹ ૨,૦૦૦ની ખોટ (₹ ૧૨,૦૦૦ - ₹ ૧૦,૦૦૦) લાગતી હતી જે ઉપરોક્ત સમજૂતી મુજબ ₹ ૩,૦૦૦ (₹ ૧૦,૦૦૦ - ₹ ૭,૦૦૦) જેટલો વધારાનો નફો આપશે.

વૃદ્ધિના ખ્યાલનો અમલ પેઢીએ ખૂબ જ સમજપૂર્વક કરવાનો રહે છે. આ ખ્યાલનો અર્થ એવો નથી થતો કે પેઢીએ વધારાના ખર્ચ મુજબ કિંમત નક્કી કરવી. હકીકતમાં તો કિંમત અને ઉત્પાદન અંગેના નિર્ણયો લેતી વખતે સંચાલકે બજારની પરિસ્થિતિને પણ સતત રીતે દૃષ્ટિ સમક્ષ રાખવી પડે છે. કિંમતનો વધારો ત્યારે જ વાજબી ગણાશે કે જેને પરિણામે પેઢીની કુલ આવકમાં વધારો થાય. ઉપરોક્ત ઉદાહરણમાં ઑર્ડરનો સ્વીકાર નફાકારક એટલા માટે ગણાય છે, કે પેઢી ફાજલ ઉત્પાદનશક્તિ ધરાવે છે અને એના ખર્ચની અન્ય વિગતોમાં સપ્રમાણ વધારો થતો નથી. પરંતુ દર વખતે આવું ન પણ બને. વાસ્તવમાં તો આ ખ્યાલ પેઢીની સામાન્ય ભાવનીતિ કે ઑર્ડરો સ્વીકારવાની નીતિ અંગે કશું જ નિશ્ચિત વિધાન કરતો નથી; તે તો ફક્ત નવા ઑર્ડરના સ્વીકાર કે ઇન્કાર વખતે ખર્ચમાં ફેરફાર થશે તેને ધ્યાનમાં રાખવાનું જ સૂચવે છે. આ ખ્યાલ વધુ નફો આપતા ઑર્ડરો કરતાં ઓછો નફો આપતાં ઑર્ડરોને સ્વીકારવાની કદી સલાહ ન જ આપી શકે. વસ્તુતઃ તો આ ખ્યાલ સૌથી વધુ નફો આપી શકે તેવો નિર્ણય લેવા માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે.

આમ, ઉપરોક્ત ચર્ચાના આધારે વૃદ્ધિના ખ્યાલ અંગે એક સામાન્ય નિયમ આ પ્રમાણે તારવી શકાય : **"કોઈપણ નિર્ણય ત્યારે જ યોગ્ય કહેવાય, કે જ્યારે તે ખર્ચ કરતાં આવકમાં વિશેષ વધારો કરે અથવા આવક કરતાં ખર્ચમાં વિશેષ ઘટાડો કરે".**

વૃદ્ધિના ખ્યાલનો વ્યવહારમાં ઉપયોગ : સંચાલકો દ્વારા વૃદ્ધિના ખ્યાલનો વ્યવહારમાં કેટલે અંશે ઉપયોગ કરવામાં આવે છે, તે અંગે કોઈ ચોક્કસ જવાબ મળી શકે એમ નથી. અમેરિકા જેવા દેશોમાં આ વિશે જે કાંઈ વ્યવહારુ અભ્યાસો હાથ ધરવામાં આવ્યા છે, તે ઉપરથી એમ જાણી શકાયું છે કે, નિર્ણયીકરણની પ્રક્રિયામાં કેટલાક સંચાલકો વૃદ્ધિના ખ્યાલનો ઉપયોગ કરે છે જ્યારે બીજા કેટલાક સંચાલકો તેનો ઉપયોગ કરતાં નથી. દાખલા તરીકે, જેમ્સ **અર્લીએ** હાથ ધરેલા અભ્યાસ મુજબ મોટા ઔદ્યોગિક અને વ્યાપારી કૉર્પોરેશનો વૃદ્ધિના ખ્યાલનો સભાનપણે અને વિસ્તૃત રીતે ઉપયોગ કરતાં જણાયા છે. આ પ્રકારની મોટી પેઢીઓમાં હિસાબી પદ્ધતિ જ એ રીતની અપનાવવામાં આવે છે, કે જેને લીધે 'વધારા'ની આવક અથવા 'વધારા'ના ખર્ચની માહિતી આપોઆપ અને સહેલાઈથી મળી રહે. આથી વિપરીત, નાની પેઢીઓ અંગે **હેઈન્સના** અભ્યાસો એમ જણાવે છે, કે મોટા ભાગની નાની પેઢીઓ આવકવૃદ્ધિ અને ખર્ચવૃદ્ધિના ખ્યાલો અંગે ઔપચારિક રીતે માહિતગાર ન હતી અને તેઓ તેમની હિસાબી પદ્ધતિમાં વૃદ્ધિના ખ્યાલ સંબંધી વિગતોની નોંધ રાખતી ન હતી. નાની પેઢીઓના સંચાલકો સ્થિર અને અસ્થિર ખર્ચ વચ્ચેના તફાવતથી સભાન હોવા છતાં તેમની હિસાબી પદ્ધતિ વૃદ્ધિના ખ્યાલને અનુરૂપ હોય, તે રીતે રાખવામાં આવતી ન હતી.

ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થશે કે, વૃદ્ધિના ખ્યાલના ઉપયોગ અંગે કોઈ સામાન્ય નિયમ તારવી શકાય નહિ, કારણ કે વ્યવહારમાં આ ખ્યાલનો ઉપયોગ કેટલીક વખત જોવા મળે છે, જ્યારે બીજી કેટલીક વખત તેનો ઉપયોગ થતો જોવા મળતો નથી. વળી, કેટલીક વખત એવું પણ બન્યું છે કે, કેટલીક પેઢીઓએ પોતાના હિસાબો વૃદ્ધિ તર્ક પ્રમાણે ગોઠવ્યા હોય કે ન ગોઠવ્યા હોય, પરંતુ તેમ છતાં વૃદ્ધિ વિશ્લેષણ પર વધુ ધ્યાન આપીને તે નફો કમાઈ શકી છે.

વૃદ્ધિનો ખ્યાલ અને સીમાન્તનો ખ્યાલ : (તુલનાત્મક વિશ્લેષણ) અર્થશાસ્ત્રના અભ્યાસીએ વૃદ્ધિના ખ્યાલ અને સીમાન્ત ખ્યાલનું પૃથક્કરણ સ્પષ્ટ રીતે સમજી લેવું જરૂરી છે. આ બન્ને ખ્યાલો વચ્ચે કેટલીક સામ્યતા તેમજ કેટલોક તફાવત રહેલો છે, જે નીચેના મુદ્દાઓ દ્વારા સમજાવી શકાય :

૧. **સીમાન્તનો ખ્યાલ :** સીમાન્તનો ખ્યાલ ઉત્પાદનમાં એકમદીઠ થતા ફેરફારો ધ્યાનમાં લે છે, જ્યારે વૃદ્ધિનો ખ્યાલ ઉત્પાદનમાં કોઈપણ પ્રકારના ફેરફારોને લાગુ પડે છે. દા.ત. સીમાન્ત ખર્ચ એ એક વધારાના એકમને લીધે કુલ ખર્ચમાં થતો વધારો દર્શાવે છે, જ્યારે વધારાનો ખર્ચ એ એક કરતાં વધુ એકમોના ઉત્પાદનને પરિણામે કુલ ખર્ચમાં થતો વધારો દર્શાવે છે. ઉપરાંત વધારાનો ખર્ચ એ અગાઉના ઉત્પાદન દરે જ વસ્તુની ગુણવત્તામાં થતા સુધારાનું પરિણામ પણ હોઈ શકે છે, અને તેને લીધે ઉત્પાદન પદ્ધતિમાં થતા ફેરફારોને કારણે પણ વધારાનો ખર્ચ અસર પામે છે.

૨. ઉત્પાદન ક્ષેત્રે કરવામાં આવતી બાંધ-છોડ (trade-offs) કે જે વક્રીય સંબંધો દ્વારા નક્કી થાય છે, તે સમજાવવામાં સીમાન્ત વિશ્લેષણ ઉપયોગી નીવડે છે, જ્યારે વધારાનો ખ્યાલ એવી બાંધછોડ સમજાવવામાં ઉપયોગી નીવડે છે, જે સુરેખ પ્રકારની હોય. દા.ત. જો કુલ ખર્ચ અને કુલ આવક ઉત્પાદન સાથે અમુક સમયગાળામાં સુરેખ સંબંધ ધરાવતું હોય અને આ પ્રકારનો સંબંધ શૂન્ય ઉત્પાદનથી તે પેઢીની પૂર્ણ ઉત્પાદન શક્તિએ થતા ઉત્પાદન સુધી પ્રસ્થાપિત રહે, તો વધારાના ખર્ચની અસર પૂર્ણ ઉત્પાદને સરળતાથી જાણી શકાય છે અને તેથી શૂન્ય ઉત્પાદનથી અભ્યાસ કરવો જરૂરી બનતો નથી.

૩. ઉત્પાદન ક્ષેત્રે ત્રુટક અને આગવા વિકલ્પો (discrete alternative)ની તુલના કરવી હોય તો વૃદ્ધિનો ખ્યાલ જ ઉપયોગી નીવડી શકે છે. ધારો કે બે ટેક્‌નિકલ પ્રક્રિયાઓ કે જે એકસરખા દરે ઉત્પાદન આપે છે, તેઓની પસંદગી વચ્ચેનો નિર્ણય લેવાનો હોય તો એક વિકલ્પની સાથે બીજા વિકલ્પની તુલના સીમાન્ત ખર્ચ દ્વારા થઈ શકે નહીં, પરંતુ તેઓનું વધારાનું ખર્ચ જાણી શકાય છે, જે ઉપરોક્ત વિકલ્પો વચ્ચે પસંદગી અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ બનશે.

આમ, વૃદ્ધિનો ખ્યાલ એ સીમાન્ત ખ્યાલથી જુદો પડે છે અને તેથી સંચાલકીય અર્થશાસ્ત્રમાં તે આગવું સ્થાન ધરાવે છે.

[3] વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ (The Concept of Opportunity Cost) :

વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ સંચાલકીય અર્થશાસ્ત્રનો એક અગત્યનો ખ્યાલ છે અને નિર્ણયીકરણની પ્રક્રિયામાં તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. વૈકલ્પિક ખર્ચ એટલે જતો કરાયેલો શ્રેષ્ઠ વિકલ્પ કે જે તે જ સાધનો અથવા સમકક્ષ સાધનોના જૂથ વડે તેટલા જ ખર્ચે સંભવી શકે. આપણે જાણીએ છીએ કે નિર્ણયીકરણની પ્રક્રિયામાં સંચાલક સમક્ષ એક કરતાં વધારે વૈકલ્પિક નિર્ણયોમાંથી કોઈ એક શ્રેષ્ઠ નિર્ણયની તેણે પસંદગી કરવાની હોય છે. આ રીતે સંચાલક જ્યારે કોઈ એક નિર્ણયની પસંદગી કરે છે, ત્યારે સ્વાભાવિક રીતે જ તેણે અન્ય વૈકલ્પિક નિર્ણયોનાં સંભવિત પરિણામોનો ત્યાગ કરવો પડે છે અથવા જતા કરવા પડે છે. આમ, સંચાલક જ્યારે કોઈ એક નિર્ણયનો સ્વીકાર કરીને અન્ય વિકલ્પો જતા કરે છે, ત્યારે

અન્ય વિકલ્પોમાંથી મળનારું સંભવિત વળતર એ સ્વીકારેલા વિકલ્પનું વૈકલ્પિક ખર્ચ છે. ટૂંકમાં, **કોઈ એક નિર્ણયનું વૈકલ્પિક ખર્ચ એટલે તે નિર્ણય લેવાથી જતો કરવો પડતો શ્રેષ્ઠ વિકલ્પ.**

દાખલા તરીકે, કોઈ એક સંચાલક પ્લાસ્ટિક ઉદ્યોગમાં ₹ ૫૦ લાખનું મૂડીરોકાણ કરવાનો નિર્ણય લે છે; તો આ મૂડીરોકાણનું વૈકલ્પિક ખર્ચ એટલે સંચાલકે અન્ય ક્ષેત્રોમાં મૂડીરોકાણ કરીને જે વળતર પ્રાપ્ત કર્યું હોત તે ગણી શકાય. આમ, અન્ય વિકલ્પોમાંથી પ્રાપ્ત થનારું વળતર એ પ્લાસ્ટિક ઉદ્યોગમાં કરવામાં આવેલા મૂડીરોકાણનું વૈકલ્પિક ખર્ચ છે.

વૈકલ્પિક ખર્ચના ખ્યાલની વધુ સ્પષ્ટ સમજૂતી નીચેના ઉદાહરણો પરથી આવી શકશે :

૧. પેઢીમાં નિયોજકે પોતાની જે અંગત મૂડીનું રોકાણ કર્યું હોય તેનું વૈકલ્પિક ખર્ચ એટલે અન્યત્ર તેટલું મૂડીરોકાણ કરવાથી જે ચોખ્ખું વળતર (વ્યાજ કે નફાના રૂપમાં) પ્રાપ્ત થઈ શક્યું હોત તેનો ત્યાગ.

૨. પેઢીના કામકાજ માટે નિયોજક જે સમય આપે છે, તેનું વૈકલ્પિક ખર્ચ એટલે અન્યત્ર કામકાજ કરવાથી જે વેતન મળી શક્યું હોત તેનો ત્યાગ.

૩. કોઈ એક વસ્તુનું ઉત્પાદન કરવા માટે ઉપયોગમાં લેવાયેલ યંત્રનું વૈકલ્પિક ખર્ચ એટલે તે યંત્ર દ્વારા અન્ય વસ્તુઓનું જે ઉત્પાદન થઈ શક્યું હોત તે ગુમાવવું.

૪. જો કોઈ યંત્રનો ઉપયોગ અમુક જ વસ્તુના ઉત્પાદનમાં થઈ શકે એમ હોય અને અન્ય ઉપયોગમાં આવી શકે એમ ન હોય, તો તેનું વૈકલ્પિક ખર્ચ શૂન્ય ગણાશે, કારણ કે અહીં તેના અન્ય વિકલ્પો જતા કરવાનો પ્રશ્ન રહેતો નથી.

ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થશે કે વૈકલ્પિક ખર્ચના ખ્યાલ અન્વયે કોઈ એક નિર્ણયનો સ્વીકાર કરીને અન્ય વૈકલ્પિક નિર્ણયોના કરેલા 'ત્યાગ'ને માપવાનો પ્રશ્ન ઉદ્ભવે છે. આ માપ ઉપરથી જ વૈકલ્પિક ખર્ચનું માપ નીકળી શકે છે.

સ્પષ્ટ ખર્ચ અને ગર્ભિત ખર્ચ (Explicit Cost and Implicit Cost) : વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ પેઢીના સ્પષ્ટ ખર્ચ અને ગર્ભિત ખર્ચ સાથે સંકળાયેલો છે. સ્પષ્ટ અને ગર્ભિત ખર્ચને અનુક્રમે ખરેખરા ખર્ચ અને આરોપિત ખર્ચ તરીકે પણ ઓળખવામાં આવે છે. સ્પષ્ટ ખર્ચ એટલે એ ખર્ચ કે જેની ખરેખર ચુકવણી કરવામાં આવે છે અને જેની નોંધ હિસાબી ચોપડામાં રાખી શકાય છે. દાખલા તરીકે, કાચોમાલ, બળતણ, વેતન, નૂર, વ્યાજ, જકાત, કરવેરો વગેરે પાછળ થતો ખર્ચ સ્પષ્ટ ખર્ચ છે. આથી વિપરીત, ગર્ભિત ખર્ચ અથવા આરોપિત ખર્ચ એટલે એવું ખર્ચ, કે જે પ્રગટ રીતે દેખાતું નથી, જે ખરેખર નાણાંમાં ચૂકવવામાં આવતું નથી, તેમ જ જેની કોઈ હિસાબી નોંધ પણ કરવામાં આવતી નથી. આ ખર્ચનું મહત્ત્વ કેવળ ઉત્પાદન અને કિંમત અંગેના નિર્ણયો લેતી વખતે સંચાલકે ધ્યાનમાં રાખવા પૂરતું જ હોય છે. દાખલા તરીકે, પોતાની જ પેઢીમાં નિયોજકે કરેલા પોતાના જ મૂડીરોકાણ પરનું વ્યાજ અથવા પોતાની જ માલિકીના મકાનનું ભાડું વગેરે ગર્ભિત ખર્ચનાં ઉદાહરણો છે.

કેટલાક વિચારકો માત્ર ગર્ભિત ખર્ચને જ વૈકલ્પિક ખર્ચ કહે છે, પરંતુ તે યોગ્ય નથી. વૈકલ્પિક ખર્ચના નિર્ધારણમાં ગર્ભિત ખર્ચ જેટલું જ સ્પષ્ટ ખર્ચનું પણ મહત્ત્વ છે.

ઉપરોક્ત તફાવતના આધારે વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ પેઢીને થતા હિસાબી નફા અને આર્થિક નફાને સમજવામાં સહાયભૂત બને છે, હિસાબી નફાનો આધાર પેઢીએ કરેલ ખરેખરા ખર્ચ અને તેમાંથી પ્રાપ્ત થયેલ આવક વચ્ચેના તફાવત દ્વારા જાણી શકાય છે. આમ હિસાબી નફો એ પેઢીનો ચોખ્ખો નફો છે. પેઢીના આર્થિક નફાને જાણવા માટે હિસાબી નફામાં પેઢીએ કરેલ આરોપિત ખર્ચની રકમ બાદ કરવી પડે છે. પેઢીનો આરોપિત ખર્ચ એ તેના ખરેખરા ખર્ચ અને વૈકલ્પિક ખર્ચનો તફાવત છે. આમ સંચાલકીય નિર્ણયો લેવામાં વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડે છે.

આમ, સમગ્ર ચર્ચાને અંતે વૈકલ્પિક ખર્ચના ખ્યાલને સિદ્ધાંતના સ્વરૂપમાં આ પ્રમાણે રજૂ કરી શકાય : કોઈપણ નિર્ણયનો વૈકલ્પિક ખર્ચ એટલે તે નિર્ણયને લીધે જતા કરવા પડતા અન્ય વિકલ્પો; જો કોઈ વિકલ્પ જતો કરવો પડે નહિં, તો વૈકલ્પિક ખર્ચ કાંઈ નથી એમ કહેવાશે.

વૈકલ્પિક ખર્ચના ખ્યાલનું મહત્ત્વ : સંચાલકીય નિર્ણયો લેવામાં વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ ઉપયોગી નીવડે છે. સામાન્ય રીતે ઉત્પાદનના વિવિધ સાધનો એવા વ્યવસાયો તરફ જવાનું વલણ ધરાવે છે કે, જ્યાં તેમને મહત્તમ વળતર પ્રાપ્ત થતું હોય. આથી કોઈ એક પેઢીના સંચાલકે ઉત્પાદનનાં સાધનોને પૂરતા પ્રમાણમાં મેળવવાં હોય તો તેમને અન્ય શ્રેષ્ઠ વૈકલ્પિક ઉપયોગોમાં જેટલું વળતર પ્રાપ્ત થઈ રહેતું હોય, તેટલું તો તેણે ચૂકવવાની તૈયારી રાખવી જ પડશે, અન્યથા તે એ સાધનોને પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત કરી શકશે નહીં. આ રીતે જોતાં સંચાલકે કામદારોને કેટલું વેતન ચૂકવવું પડશે અથવા મૂડી પર કેટલું વ્યાજ ચૂકવવું પડશે, તે અન્ય વ્યવસાયો કે અન્ય ઉપયોગોમાં કામદારોને કેટલું વેતન મળી શકે એમ છે અથવા અન્ય ઉદ્યોગો મૂડી પર કેટલું વ્યાજ આપી શકે એમ છે, તેના પર આધારિત છે. આમ ઉત્પાદનનાં સાધનોને પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત કરવા માટે તેમજ તેમને પેઢીમાં ટકાવી રાખવા માટે સંચાલક ઉત્પાદનનાં સાધનોના વૈકલ્પિક ખર્ચને અનુલક્ષીને જે નાણાં ચૂકવે છે, તે તેનો વૈકલ્પિક નાણાંકીય ખર્ચ છે. સંચાલકીય નિર્ણયો લેવામાં ખરેખરા ખર્ચ કરતાં વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ વધુ ઉપયોગી નીવડે છે. પેઢીનાં સાધનો મર્યાદિત હોય છે અને તેઓ વૈકલ્પિક ઉપયોગો ધરાવે છે. આ સાધનોનો કરકસરયુક્ત અને કાર્યક્ષમ વપરાશ થાય, એ મહત્તમ નફાપ્રાપ્તિના ધ્યેયની સિદ્ધિ માટે અત્યંત અનિવાર્ય છે. વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ સાધનોના ઈષ્ટતમ ઉપયોગ અંગે યોગ્ય નિર્ણય લેવામાં સંચાલકને સહાયક બને છે, તેથી તે સંચાલકીય અર્થશાસ્ત્રનો એક મહત્ત્વનો મૂળભૂત ખ્યાલ બની રહે છે.

તદુપરાંત, તાજેતરના સમયમાં રૈખિક આયોજનની પદ્ધતિમાં જુદા જુદા વિકલ્પોની તુલના અને ઈષ્ટતમ વિકલ્પની પસંદગી અંગે ઊંડું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. આથી સંચાલકીય અર્થશાસ્ત્રમાં જેમ જેમ વધુને વધુ પ્રમાણમાં રૈખિક આયોજનનો ઉપયોગ થતો જશે, તેમ તેમ વૈકલ્પિક ખર્ચના ખ્યાલની વ્યવહારિક ઉપયોગિતા પણ વધતી જશે.

વૃદ્ધિના ખ્યાલ અને વટાવના સિદ્ધાંતમાં વૈકલ્પિક ખર્ચનો ઉપયોગ : અત્રે એ યાદ રાખવું ઘટે કે, વૃદ્ધિના ખ્યાલ અને વટાવનો સિદ્ધાંત એ બન્ને વૈકલ્પિક ખર્ચના તર્કના જ વિશિષ્ટ આવિષ્કારો છે. દાખલા તરીકે, પ્લાન્ટની જો ફાજલ ઉત્પાદનશક્તિ અસ્તિત્વમાં હોય તો ઉત્પાદન વધારવા માટે જે વધારાનો ખર્ચ થાય છે, તે કેવળ અસ્થિર ખર્ચનો જ બનેલો હોય છે, કારણ ફાજલ ઉત્પાદનશક્તિ ઉપલબ્ધ હોવાથી સ્થિર ખર્ચમાં વધારો કર્યા વિના ઉત્પાદન વધારવાનું શક્ય હોય છે, પરંતુ પેઢી જો પૂર્ણ ઉત્પાદનની કક્ષાએ કાર્ય કરતી હોય તો વૃદ્ધિના

ખ્યાલ અન્વયે અસ્થિર ખર્ચ ઉપરાંત સ્થિર ખર્ચનો પણ સમાવેશ કરવો પડે છે. આમ, આ ખર્ચ કરવાથી જે વળતર પ્રાપ્ત થવાનો સંભવ છે, તે સ્વીકાર્ય હશે કે કેમ તે સ્થિર અને અસ્થિર ખર્ચમાં થતા વધારાને લીધે શું જતું કરવું પડે છે, તે જાણ્યા પછી જ નક્કી કરી શકાય.

એ જ રીતે વટાવના સિદ્ધાંત અન્વયે વટાવ કાપવા માટેનું મુખ્ય કારણ એ છે કે, જ્યારે કોઈ વ્યક્તિ અમુક ક્ષેત્રમાં મૂડીરોકાણ કરવાનું નક્કી કરે છે, ત્યારે અન્ય વિકલ્પોમાંથી પ્રાપ્ત થનાર વળતરની તકો તેણે જતી કરવી પડે છે. આમ, અહીં પણ વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ વટાવ શા માટે કાપવામાં આવે છે, તે અંગેની સમજૂતી પૂરી પાડવામાં સહાયભૂત થાય છે.

[૪] સમય પરિપ્રેક્ષ્યનો ખ્યાલ (The Concept of Time Perspective) :

સંચાલકીય અર્થશાસ્ત્રીએ સમયગાળાના સંદર્ભમાં વિવિધ નિર્ણયો લેવાં પડે છે. કેટલાક નિર્ણયો દીર્ઘકાલીન પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં લેવાનાં હોય છે, કે જ્યારે તમામ સાધનોના રોકાણનો દર અસ્થિર બને છે. દા.ત. નવા સ્થળે નવી પેઢી સ્થાપવા અંગેનો નિર્ણય તમામ સાધનોના રોકાણને અસર પહોંચાડે છે. ટૂંકા ગાળાના પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં જ્યારે કોઈ સંચાલકે નિર્ણય લેવાનો હોય ત્યારે અમુક સાધનોના રોકાણનું પ્રમાણ બદલાય છે. દા.ત. અસ્તિત્વમાં રહેલી પેઢીના ઉત્પાદનદરમાં વધારો કરવાનો નિર્ણય, શ્રમ અને કાચા માલસામાન જેવાં અસ્થિર સાધનોના રોકાણના પ્રમાણમાં વધારો આણશે. જ્યારે મૂડી ઉત્પાદક સાધનો જેવાં સ્થિર સાધનોના રોકાણનું પ્રમાણ યથાવત્ રહેશે.

દીર્ઘકાલીન અને અલ્પકાલીન સમય પરિપ્રેક્ષ્ય વચ્ચેનો ઉપરોક્ત તફાવત વ્યવહારમાં જોવા મળતો નથી. ખર્ચની કઈ કઈ વિગતો અસર નહીં પામશે, તેનો આધાર સમય પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં લેવાયેલ નિર્ણય પર અવલંબે છે. ટૂંકા ગાળાના સમય પરિપ્રેક્ષ્યની અનેક શ્રેણીઓ હોય છે અને જેમ જેમ શ્રેણીબદ્ધ રીતે સમય પરિપ્રેક્ષ્ય વિસ્તારવામાં આવે, તેમ ખર્ચની વધુ ને વધુ વિગતો અસ્થિર બને છે. સંચાલકે લીધેલ કોઈ એક નિર્ણય કે જે ટૂંકા ગાળાના સમય પરિપ્રેક્ષ્યના સંદર્ભમાં નફાકારક બને અને તે એવાં દીર્ઘકાલીન પરિણામો પણ સર્જી શકે છે કે જે લાંબા ગાળાના પરિપ્રેક્ષ્યમાં પણ પ્રારંભિક તબક્કામાં ધાર્યાં કરતાં વધુ નફાકારક બની રહે છે. ઉપરોક્ત બાબત એક ઉદાહરણ વડે વધુ સ્પષ્ટ રીતે સમજી શકાય. ફાજલ ઉત્પાદનશક્તિ ધરાવતી એક પેઢીનો દાખલો લઈએ, જે ૧૦,૦૦૦ એકમોનો ઑર્ડર મેળવે છે, જેનો ગ્રાહક એકમ દીઠ ₹ ૨ અથવા તો સમગ્ર ખરીદી પર ₹ ૨૦,૦૦૦ ચૂકવશે. આ માટેનો ટૂંકા ગાળાનો વધારાનો ખર્ચ (કે જેમાં સ્થિર ખર્ચનો સમાવેશ થતો નથી.) એકમદીઠ ₹ ૧.૫૦ આવે છે, અને તેથી એકંદર સ્થિર ખર્ચ અને નફા પેટે એકમદીઠ ₹ ૦.૫૦ અથવા તો એકંદરે ₹ ૫૦૦૦ પ્રાપ્ત થશે.

ઉપરોક્ત નિર્ણયની લાંબા ગાળાની અસરો પણ ધ્યાનમાં લેવી જોઈએ. જો સંચાલક ઉપરોક્ત કિંમતે જ બીજા ઑર્ડરો પણ મેળવી શકે, તો સ્થિર ખર્ચની કેટલીક વિગતો ઉત્પાદનદર સાથે અનિવાર્ય રીતે અસ્થિર બનશે. દા.ત. વીમાની સેવાઓ, વેરાઓ, ઘસારાખર્ચ અને મૂડીનું વૈકલ્પિક ખર્ચ જેવી અસ્થિર ખર્ચની વિગતોને નિવાર્ય બનાવી શકાય, એ રીતે યંત્રસામગ્રીની ફેરબદલી કરવામાં આવશે. આમ યંત્રસામગ્રીની ફેરબદલી જે ટૂંકા ગાળામાં સ્થિરખર્ચની વિગત હોય છે, તે ખુદ લાંબે ગાળે અસ્થિર બને છે અને તેથી ટૂંકા ગાળાની ઉપર જણાવેલ અસ્થિરખર્ચની વિગતો નિવાર્ય બને છે.

[૫] વટાવનો સિદ્ધાંત (The Discounting Principle) :

સંચાલકીય અર્થશાસ્ત્રમાં વટાવનો સિદ્ધાંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને સંચાલનના વ્યવહારુ પ્રશ્નોમાં તેનો અવારનવાર ઉપયોગ થતો જોવા મળે છે. વિશેષ કરીને મૂડીરોકાણ અંગેના નિર્ણયો લેવામાં સંચાલકને આ સિદ્ધાંત ખૂબ જ ઉપયોગી નીવડે છે. નવું મૂડીરોકાણ અંગેનો નિર્ણય લેતી વખતે ભવિષ્યમાં તેમાંથી કેટલું વળતર પ્રાપ્ત થઈ રહેશે, તેનો અંદાજ કાઢવો જરૂરી બને છે. આ જ હકીકત બીજી રીતે રજૂ કરીને એમ કહી શકાય કે, પેઢીની મૂડીની ભવિષ્યની કિંમતને વર્તમાનના મૂલ્યની બરાબર કરવા માટે તેમાંથી કેટલો વટાવ કાપી લેવો પડશે, તે સંચાલન માટે જાણવું આવશ્યક થઈ પડે છે અને તે માટે વટાવનો સિદ્ધાંત તેને મદદરૂપ થાય છે.

વટાવનો સિદ્ધાંત એ તર્ક ઉપર રચાયેલો છે કે, વ્યક્તિ આવતી કાલના રૂપિયા કરતાં આજનો રૂપિયો વધુ પસંદ કરે છે, એટલે કે, આજના રૂપિયા કરતાં આવતીકાલનો રૂપિયો નાનો દેખાય છે (અર્થાત ઓછા મૂલ્યવાળો જણાય છે.) આનું મુખ્ય કારણ એ છે કે, આજના રૂપિયાનું ગમે તે યોગ્ય સ્થળે મૂડીરોકાણ કરી, વ્યાજ કે ડિવિડન્ડના રૂપમાં કમાણી કરી શકાય છે, પરંતુ જો તે રૂપિયાને એક વર્ષ માટે જતો કરવામાં આવે, તો તેના મૂડીરોકાણ દ્વારા મળી શકનારા વ્યાજ કે ડિવિડન્ડ જેટલો એ રૂપિયો નાનો બની જાય છે.

વટાવની જરૂરિયાત અને તે અંગેનો સિદ્ધાંત એક ઉદાહરણ દ્વારા સમજાવીએ. ધારો કે તમને ₹ ૧૦૦ના પુરસ્કારની આજે અથવા એ જ પુરસ્કાર આજથી એક વર્ષ પછી એમ બે જુદા જુદા સમયગાળા વચ્ચે પસંદગી કરવાનું કહેવામાં આવે, તો સ્વાભાવિક રીતે જ તમે એ ₹ ૧૦૦નો પુરસ્કાર આજે જ સ્વીકારવાનું પસંદ કરશો, કારણ કે આજે ₹ ૧૦૦ મેળવીને તે રકમનું રોકાણ કરીને તમે વ્યાજની કમાણી મેળવી શકો છો. ધારો કે વ્યાજનો દર ૬ ટકા હોય તો એક વર્ષના અંતે તમે ₹ ૧૦૬ મેળવી શકશો.

વટાવના સિદ્ધાંતની રજૂઆત : ઉપરોક્ત હકીકતને સહેજ બીજી રીતે રજૂ કરીને આપણે વટાવનો સિદ્ધાંત તારવી શકીએ. આજથી એક વર્ષ પછીના ₹ ૧૦૦ને આજના કેટલા રૂપિયા ગણવા ? અથવા આજથી એક વર્ષ પછીના ₹ ૧૦૦ આજના કેટલા રૂપિયા બરાબર

થાય? ધારો કે વ્યાજનો દર ૬ ટકા છે, આથી, આપણે એક વર્ષ પછીના ₹ ૧૦૦ને ૬ ટકા
દરે વટાવવા જોઈએ, જેનો અર્થ એ થાય કે, આપણે તેને ૧.૦૬થી ભાગવાથી જોઈએ. આ મા
નીચેનું સૂત્ર યાદ રાખવું ઘટે :

$$\text{મૂડીનું વર્તમાન મૂલ્ય} = \frac{\text{એક વર્ષના અંતે મૂલ્ય}}{\text{૧ + વ્યાજનો દર}}$$

સંજ્ઞાની ભાષા મુજબ :

$$A_0 = \frac{A_1}{1 + r}$$

[અહીં A_0 = મૂડીનું વર્તમાન મૂલ્ય

A_1 = મૂડીનું એક વર્ષના અંતે મૂલ્ય

r = વ્યાજનો દર]

ઉપરના દાખલામાં મૂડીનું વર્તમાન મૂલ્ય (A_0) -

$$= \frac{100}{1 + r} = \frac{100}{1 \cdot 06}$$

$$= ₹\ 94.33$$

ઉપરોક્ત ગણતરી સાચી છે તેની ચકાસણી કરવા માટે આપણે 94.33ને 1·06થી ગુણાકાર કરીએ તો ₹ 100નો જવાબ આવશે. $94 \cdot 33 \times 1 \cdot 06 = ₹\ 100$.

આ જ તર્કને એક વર્ષ કરતાં વધુ લાંબા સમયગાળા માટે ઉપયોગમાં લઈ શકાય. દાખલા તરીકે, બે વર્ષ પછી ₹ 100નું વાર્ષિક 6 ટકાના વ્યાજના દરે -

$$\text{વર્તમાન મૂલ્ય} : A_0 = \frac{100}{(1 \cdot 06)^2} = \frac{100}{1 \cdot 1036}$$

આમ, વટાવનો સિદ્ધાંત આ પ્રમાણે રજૂ કરી શકાય : '''જો કોઈ નિર્ણય ભાવિ સમયગાળામાં પેઢીના ખર્ચ અને આવકને અસર કરતો હોય તો યોગ્ય નિર્ણય લેવા માટે અને જુદા જુદા વિકલ્પોની સાચી તુલના શક્ય બનાવવા માટે તે ખર્ચ અને આવકના વર્તમાન મૂલ્યને વટાવવું જરૂરી છે''.

[૬] સમ-સીમાન્તનો સિદ્ધાંત (The Equimarginal Principle) :

સમ-સીમાન્તનો સિદ્ધાંત અર્થશાસ્ત્રના સાહિત્યમાં એક ખૂબજ પ્રચલિત સિદ્ધાંત છે અને સંચાલકીય અર્થશાસ્ત્રના એક મૂળભૂત ખ્યાલ તરીકે તેનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે. નિર્ણયીકરણ અને ભાવિ આયોજનની કામગીરી બજાવવામાં સમ-સીમાન્તનો ખ્યાલ સંચાલકને અનેક રીતે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડે છે. આ સિદ્ધાંત મુજબ અનેક ઉપયોગમાં આવતાં ઉત્પાદનનાં સાધનોની જુદાં જુદાં ક્ષેત્રો કે પ્રવૃત્તિઓ વચ્ચે એ રીતની ફાળવણી થવી જોઈએ, કે જેથી પ્રત્યેક ક્ષેત્ર અથવા પ્રવૃત્તિમાં તે સાધનના સીમાન્ત એકમની ફાળવણીને લીધે ઉત્પાદન-મૂલ્યમાં થયેલો ચોખ્ખો વધારો એક સરખો હોય. આ રીતની થતી સાધનની ફાળવણીને લીધે પેઢીની ઈષ્ટતમ પરિસ્થિતિ અસ્તિત્વમાં આવે છે.

એક ઉદાહરણ દ્વારા સમ-સીમાન્તનો સિદ્ધાંત સમજવાનો પ્રયાસ કરીએ. ધારો કે એક પેઢી અ, બ, અને ક એમ ત્રણ પ્રકારની ઉત્પાદન-પ્રવૃત્તિ હાથ ધરે છે અને પેઢીમાં ૫૦૦ કામદારો કામ કરે છે. ટેકનિકલ દૃષ્ટિએ પરિસ્થિતિ એવી છે કે પેઢી આ ત્રણ પૈકીની કોઈપણ પ્રવૃત્તિમાં વધારો કે ઘટાડો કરી શકે છે, પરંતુ કામદારોની સંખ્યા નિશ્ચિત હોવાથી કોઈ એક પ્રવૃત્તિને વિસ્તારવા માટે વધારાના કામદારો અન્ય બે પ્રવૃત્તિઓમાંથી ખસેડવા પડે, એટલે કે, કોઈ એક પ્રવૃત્તિનું ઉત્પાદન વધારવા માટે તેમાં જે વધુ કામદારોની જરૂર પડે, તે અન્ય પ્રવૃત્તિઓમાંથી ઘટાડીને જ મેળવી શકાય.

હવે ધારો કે પેઢી અ પ્રવૃત્તિમાં એક વધારાના શ્રમિકનો ઉમેરો કરવામાં આવે છે. આને લીધે આ પ્રવૃત્તિના ચોખ્ખા ઉત્પાદન-મૂલ્યમાં વધારો થશે, જેને શાસ્ત્રીય ભાષામાં શ્રમનું સીમાન્ત ઉત્પાદન-મૂલ્ય કહેવામાં આવે છે. એ જ રીતે ઉત્પાદનની અન્ય પ્રવૃત્તિઓમાં પણ જો એક એક શ્રમિકનો ઉમેરો કરવામાં આવે, તો તેમાં પણ શ્રમના સીમાન્ત ઉત્પાદનમૂલ્યમાં વધારો થવા પામશે. હવે એ તો સ્વાભાવિક છે કે, પેઢીનો સંચાલક એ પ્રવૃત્તિમાં વધુ શ્રમિકોની ફાળવણી કરશે કે જે પ્રવૃત્તિના સીમાન્ત ઉત્પાદનનું મૂલ્ય ઊંચું હશે. ઓછા સીમાન્ત ઉત્પાદન-મૂલ્યવાળી પ્રવૃત્તિમાંથી શ્રમિકોનું પ્રમાણ ઘટાડીને વધુ સીમાન્ત ઉત્પાદન - મૂલ્યવાળી પ્રવૃત્તિમાં શ્રમિકોનું પ્રમાણ વધારીને તેમાં ઉત્પાદન વધારવું, એ પેઢી માટે લાભદાયી છે. આ રીતે જુદી જુદી પ્રવૃત્તિઓ વચ્ચે શ્રમિકોની હેરફેર ત્યાં સુધી થતી રહેશે કે, જ્યાં સુધી દરેક પ્રવૃત્તિમાં શ્રમિકોનું સીમાન્ત ઉત્પાદન - મૂલ્ય એકસરખું થાય અને ત્યારે શ્રમિકોની હેરફેર અટકશે અને પેઢીને મહત્તમ કુલ ઉત્પાદન પ્રાપ્ત થાય છે. આ સ્થિતિને પેઢીની ઈષ્ટતમ સ્થિતિ તરીકે ઓળખવામાં આવે છે.

ટૂંકમાં, સમ-સીમાન્તનો સિદ્ધાંત એમ જણાવે છે કે, **જુદી જુદી ઉત્પાદક પ્રવૃત્તિઓ વચ્ચે સાધનોની ફાળવણી એવી રીતે કરવી જોઈએ, કે જેથી પ્રત્યેક સાધનના સીમાન્ત એકમ દ્વારા દરેક ઉત્પાદક પ્રવૃત્તિમાં મૂલ્યવૃદ્ધિ એક સરખા પ્રમાણમાં થાય. જ્યારે બધી જ પ્રવૃત્તિઓમાં ઉત્પાદન-મૂલ્ય એકસરખું થઈ રહે છે, ત્યારે પેઢી ઈષ્ટતમ પરિસ્થિતિ પ્રાપ્ત કરે છે.** આ હકીકતને સૂત્રના રૂપમાં નીચે પ્રમાણે રજૂ કરી શકાય :

$VMP_{LA} = VMP_{LB} = VMP_{LC} = VMP_{LD}....$

અહીં, V = મૂલ્ય, M = સીમાન્ત, P = ઉત્પાદન, L = શ્રમ,

A, B, C, D = જુદી જુદી ઉત્પાદન પ્રવૃત્તિ

સમ-સીમાન્ત સિદ્ધાંતની ઉપરોક્ત ચર્ચાના સંદર્ભમાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખ જરૂરી છે :

૧. આ સિદ્ધાંતમાં સીમાન્ત ઉત્પાદન એટલે ઉત્પાદન - મૂલ્યમાં થયેલો ચોખ્ખો વધારો એ અર્થ થાય છે. દાખલા તરીકે **'અ'** ઉત્પાદન પ્રવૃત્તિમાં વધારાના એક શ્રમિકને કા લગાડવાથી કુલ ઉત્પાદનમાં ૫૦ એકમોનો વધારો થાય છે; વસ્તુની એકમદીઠ બજ કિંમત જો ₹ ૧ હોય તો કુલ આવકમાં ₹ ૫૦નો વધારો થશે. પરંતુ ૫૦ જેટલા વધારાન એકમોનું ઉત્પાદન કરવા માટે કાચો માલ, બળતણ વગેરે અસ્થિર ખર્ચમાં વધારો થ અને આ ખર્ચ ધારો કે ₹ ૨૦ જેટલું આવે છે, તો અહીં શ્રમનું સીમાન્ત ઉત્પાદન મૂલ ₹ ૩૦ જેટલું થશે (₹ ૫૦ - ૨૦ = ₹ ૩૦) આમ, સમ-સીમાન્તના સિદ્ધાંતમાં 'ઉત્પાદન મૂલ્યના ચોખ્ખા વધારા'નો જ વિચાર કરવામાં આવે છે.

૨. બીજું કે, શ્રમના વધારાના એક એકમથી જે વધારાની આવક પ્રાપ્ત થવાની હોય, તે તાત્કાલિક નહિ પરંતુ ભવિષ્યમાં મળે તેમ હોય તો તેમાંથી વટાવ કાપ્યા બાદ જ વૈકલ્પિ પ્રવૃત્તિઓમાંથી મળતી આવક સાથે તેની સરખામણી કરવી જોઈએ. દાખલા તરીકે, 'અ પ્રવૃત્તિમાં એક શ્રમિકનો વધારો કરવાથી ઉત્પાદનવધારો તાત્કાલિક મળી શકે એમ છે જ્યારે **'બ'** પ્રવૃત્તિમાં તે છ મહિના પછી મળે એમ છે, તો અહીં છ મહિના પછી મળના આવકમાંથી વટાવ કાપી લીધા બાદ જ તેની સરખામણી વર્તમાન આવક સાથે કરવ જોઈએ.

અત્રે એ ખાસ નોંધવું ઘટે કે મૂડી અંદાજપત્રને લગતા નિર્ણયો આ સિદ્ધાંતના આધારે જ લેવામાં આવતા હોય છે. ઉત્પાદનની જુદી જુદી પ્રવૃત્તિઓમાં મૂડીની ફાળવણી એ રીતે કરવામાં આવે છે કે, જેથી તમામ પ્રવૃત્તિઓમાંથી પ્રાપ્ત થતું વટાવયુક્ત સીમાન્ત વળતર એક સરખું હોય.

(iii) સમ-સીમન્તના સિદ્ધાંતમાં ધ્યાનમાં રાખવા જેવી બીજી એક મહત્ત્વની બાબત ઘટતા જતા વળતર (diminishing returns) અંગેની છે. ઘટતા જતા વળતરના નિયમ અનુસાર ઉત્પાદનની કોઈપણ પ્રવૃત્તિમાં સ્થિર સાધનો ઉપર અસ્થિર સાધનોનું પ્રમાણ જેમ જેમ વધારવામાં આવે, તેમ તેમ અમુક હદ પછી સીમાન્ત ઉત્પાદન ક્રમશઃ ઘટતું જાય છે, એટલે કે, વધારાના અસ્થિર સાધનોના પ્રમાણમાં ઉત્પાદનમાં પ્રાપ્ત થતો વધારો ક્રમશઃ ઘટતો જાય છે. આમ, ઘટતા વળતરની આ મૂળભૂત હકીકતને અનુલક્ષીને જુદી જુદી પ્રવૃત્તિઓમાં સીમાન્ત ઉત્પાદન સરખું થાય, એ રીતે સાધનોની ફાળવણી કરવી જોઈએ. આ હકીકત સામે આપેલ આકૃતિઓ (આકૃતિ : ૧ અને ૨) દ્વારા સ્પષ્ટ થશે.



આકૃતિ - ૧



આકૃતિ - ૨

ઉપર આકૃતિ : ૧માં ઉત્પાદનની દરેક પ્રવૃત્તિમાં શ્રમિકોની ફાળવણી એક સરખા પ્રમાણમાં કરવામાં આવી છે, પરંતુ તેમ છતાં દરેક પ્રવૃત્તિમાં શ્રમનું સીમાન્ત ઉત્પાદન એક સરખું નથી. દાખલા તરીકે બ પ્રવૃત્તિમાં શ્રમનું સીમાન્ત ઉત્પાદન સૌથી વધુ છે, જ્યારે ક પ્રવૃત્તિમાં તે સૌથી ઓછું છે. આથી ક પ્રવૃત્તિમાંથી શ્રમિકોને ખસેડી બ પ્રવૃત્તિમાં રોકવાથી ઈષ્ટતમ ઉત્પાદન માટે તે લાભદાયી નીવડે એમ છે. આમ, દરેક પ્રવૃત્તિમાં જ્યારે શ્રમિકોનું સીમાન્ત ઉત્પાદન સરખું ન થઈ જાય, ત્યાં સુધી શ્રમિકોની હેરફેર થતી રહે છે, જ્યારે દરેક પ્રવૃત્તિમાં સીમાન્ત ઉત્પાદન સરખું થઈ રહે છે, ત્યારે પેઢીને કુલ ઉત્પાદન મહત્તમ મળે છે. આ બાબત આકૃતિ : ૨માં દર્શાવવામાં આવી છે.

આગળ કહ્યું તેમ સમ-સીમાન્તનો સિદ્ધાંત સંચાલકને નિર્ણયીકરણ અને ભાવિ આયોજનની પ્રક્રિયામાં ખૂબ જ સહાયભૂત થાય છે. ઉત્પાદન અંગેના નિર્ણયો લેતી વખતે સંચાલક ઉત્પાદનની જુદી જુદી પ્રવૃત્તિઓ વચ્ચે સાધનોની ફાળવણી એ રીતે કરે છે કે જેથી દરેક પ્રવૃત્તિમાં સીમાન્ત ઉત્પાદન એક સરખું થાય. એ જ રીતે મૂડીઅંદાજપત્ર અંગેના નિર્ણયો લેતી વખતે પણ આ સિદ્ધાંત ઉપયોગી નીવડે છે. ઉત્પાદનના વિવિધ ક્ષેત્રોમાં મૂડીભંડોળની ફાળવણી એ રીતે કરવામાં આવે છે કે જેથી દરેક ક્ષેત્રમાંથી પ્રાપ્ત થતું સીમાન્ત વળતર સમાન હોય.

પ્ર. ૧. ધંધાકીય અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપો. **અથવા**

ધંધાકીય અર્થશાસ્ત્ર એટલે શું? **(એપ્રિલ - ૨૦૧૨, ૨૦૧૪, ૨૦૧૮, ઓક્ટોબર - ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૬, ૨૦૧૭)**

ધંધાકીય અર્થશાસ્ત્ર એક એવું શાસ્ત્ર છે જે વ્યાપાર સંચાલનના પ્રશ્નોના ઉકેલમાં આર્થિક સિદ્ધાંતોનો ઉપયોગ કરે છે. **મેકનાયર** અને **મેરિયમ** ના મત મુજબ, "ધંધાકીય પરિસ્થિતિઓના વિશ્લેષણ માટે આર્થિક વિચાર પદ્ધતિનો કઈ રીતે ઉપયોગ થાય છે તેનો ધંધાકીય અર્થશાસ્ત્રમાં અભ્યાસ કરવામાં આવે છે. **સ્પેન્સર** અને **સીગલમેન**ના જણાવ્યા પ્રમાણે, "સંચાલનમાં નિર્ણયીકરણની પ્રક્રિયા અને ભાવિ આયોજનમાં સુવિધા રહે એ હેતુથી ધંધાકીય વ્યવહારો અને આર્થિક સિદ્ધાંતોનું સંકલન એટલે ધંધાકીય અર્થશાસ્ત્ર. એ જ રીતે **જોયલ ડીન**ના અભિપ્રાય મુજબ "ધંધાકીય અર્થશાસ્ત્ર એ આર્થિક સિદ્ધાંતો અને વ્યાપારિક નિર્ણયો વચ્ચેના અંતરને પૂરું કરી દેતું શાસ્ત્ર છે".

પ્ર. ૨. 'ધંધાકીય વાતાવરણ' અને 'ધંધાકીય પ્રવૃત્તિ' વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. **(એપ્રિલ - ૨૦૧૭)**

સંચાલકીય અર્થશાસ્ત્રીએ પેઢીને ભવિષ્યના અસર કરનારા જે બે મહત્ત્વના પરિબળોનો અભ્યાસ કરવાનો હોય છે તે પૈકી બાહ્ય પરિબળોને સામાન્ય રીતે ધંધાકીય વાતાવરણ તરીકે ઓળખવામાં આવે છે. આ પરિબલોમાં સરકારની આર્થિક નીતિ અને નિયમનો, હરીફાઈના પ્રમાણમાં થયેલી વધ-ઘટ, સમગ્ર રાષ્ટ્રના અર્થતંત્રનું ચિત્ર, નવા અને ચાલુ બજારમાં માંગની શક્યતાઓ, ધિરાણની પ્રાપ્યતા, નાણાં અને શાખની પરિસ્થિતિ વગેરેનો સમાવેશ થાય છે.

બીજી તરફ, આંતરિક પરિબળો પેઢીના આંતરિક કાર્યક્ષેત્ર હેઠળ આવે છે અને તેથી તે પેઢીના સીધા અંકુશ હેઠળ હોય છે અને તેમને ધાંધાકીય પ્રવૃત્તિઓ તરીકે ઓળખવામાં આવે છે. આ ધંધાકીય પ્રવૃત્તિમાં ભાવ, મૂડીરોકાણ, પેઢીનું વિસ્તરણ કે સંકોચન વગેરેનો સમાવેશ થાય છે.

પ્ર. ૩. ધંધાકીય અર્થશાસ્ત્રનાં મુખ્ય લક્ષણો જણાવો.

ધંધાકીય અર્થશાસ્ત્રનાં મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે :

(૧) ધંધાકીય અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રની જ એક શાખા છે.
(૨) ધંધાકીય અર્થશાસ્ત્ર વ્યવહારુ અર્થશાસ્ત્ર (applied economics) છે.
(૩) ધંધાકીય અર્થશાસ્ત્રનું સ્વરૂપ એકમલક્ષી છે.
(૪) ધંધાકીય અર્થશાસ્ત્રમાં પેઢીના અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવામાં આવે છે.
(૫) ધંધાકીય અર્થશાસ્ત્ર આદર્શલક્ષી વિજ્ઞાન છે.
(૬) ધંધાકીય અર્થશાસ્ત્ર કળા પણ છે.
(૭) ધંધાકીય અર્થશાસ્ત્ર સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સાથે પણ સંબંધ ધરાવે છે.
(૮) ધંધાકીય અર્થશાસ્ત્રના અભ્યાસમાં મહદંશે નિગમન તર્કપદ્ધતિનો ઉપયોગ થાય છે.
(૯) અર્થશાસ્ત્ર કરતાં ધંધાકીય અર્થશાસ્ત્રનો અભ્યાસ-વ્યાપ મર્યાદિત છે.

પ્ર. ૪. ધંધાકીય અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર શું છે?

ધંધાકીય અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર જણાવો. **(એપ્રિલ - ૨૦૧૩, ૨૦૧૬)**

ધંધાકીય અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રના અભ્યાસમાં નીચેના મહત્ત્વના મુદ્દાઓનો સમાવેશ થાય છે :

(૧) સાધનોની વિવિધ ઉપયોગો વચ્ચે ફાળવણી.
(૨) માંગ-વિશ્લેષણ અને માંગની આગાહી.
(૩) ખર્ચ અને ઉત્પાદન વિશ્લેષણ.
(૪) ભાવ-વિશ્લેષણ.
(૫) નફાનું માપ અને સમતૂટ વિશ્લેષણ.
(૬) મૂડી અંદાજપત્ર.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

૧. ધંધાકીય અર્થશાસ્ત્ર એટલે શું ? ધંધાકીય અર્થશાસ્ત્રના લક્ષણોની ચર્ચા કરો.
(ઓક્ટોબર - ૨૦૧૧, ૨૦૧૨, એપ્રિલ - ૨૦૧૩)

૨. (અ) ધંધાકીય અર્થશાસ્ત્રની દૃષ્ટિએ નિર્ણયીકરણ અને ભાવિ આયોજનનો ખ્યાલ સમજાવો
(એપ્રિલ - ૨૦૧૨)

(બ) ટૂંક નોંધ લખો : ધંધાકીય અર્થશાસ્ત્રના લક્ષણો. **(એપ્રિલ - ૨૦૧૨)**

૩. ધંધાકીય અર્થશાસ્ત્રના લક્ષણોની ચર્ચા કરો. **(ઓક્ટોબર- ૨૦૧૩)**

૪. ટૂંક નોંધ લખો : ધંધાકીય અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર.**(ઓક્ટોબર-૨૦૧૩, એપ્રિલ-૨૦૧૪)**

૫. ધંધાકીય અર્થશાસ્ત્ર એટલે શું ? ધંધાકીય અર્થશાસ્ત્રના લક્ષણોની સવિસ્તાર ચર્ચા કરો.
(એપ્રિલ - ૨૦૧[illegible])

૬. ધંધાકીય અર્થશાસ્ત્રમાં 'નિર્ણયીકરણ' અને 'ભાવિ આયોજન'નો ખ્યાલ સમજાવો
(ઓક્ટોબર - ૨૦૧[illegible]

૭. ટૂંક નોંધ લખો : ધંધાકીય અર્થશાસ્ત્રના લક્ષણો. **(ઓક્ટોબર - ૨૦૧[illegible]**

૮. ધંધાકીય અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર સમજાવો. **(એપ્રિલ - ૨૦૧[illegible]**

૯. ટૂંક નોંધ લખો : ધંધાકીય અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર **(ઓક્ટોબર - ૨૦૧[illegible]**

૧૦. ટૂંક નોંધ લખો : ધંધાકીય અર્થશાસ્ત્રના લક્ષણો. **(એપ્રિલ - [illegible]**

૧૧. ટૂંક નોંધ લખો : ધંધાકીય અર્થશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ **(ઓક્ટોબર - [illegible]**

૧૨. ટૂંક નોંધ લખો : ધંધાકીય અર્થશાસ્ત્રીનાં કાર્યો **(એપ્રિલ - [illegible]**

૧૩. ધંધાકીય અર્થશાસ્ત્રના લક્ષણોની ચર્ચા કરો. **(ઓક્ટોબર - [illegible]**

૧૪. ધંધાકીય અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર સમજાવો. **(એપ્રિલ - [illegible]**

* * * * * *

૧. "સીમાન્ત વિશ્લેષણ હંમેશાં વધારાના વિશ્લેષણનું એક ઉદાહરણ બને છે, પરંતુ વધારા વિશ્લેષણ સામન્યતઃ સીમાન્ત વિશ્લેષણનું ઉદાહરણ બનતું નથી" - આ ઉદાહરણ સમજાવો.

૨. નીચેના નિર્ણય વિષયક બાબતોમાં વૃદ્ધિનું વિશ્લેષણ વધુ યોગ્ય બનશે કે સીમાન્ત વિશ્લેષ

(અ) જે વસ્તુનું ઉત્પાદન પૂર્ણ ખર્ચ આવરી લેતું ન હોય તેનું ઉત્પાદન બંધ કરવા અંગેનો નિ

(બ) સાધન અ અને બ ના રોકાણના પ્રમાણમાં અવેજીકરણને પરિણામે જ્યારે સાધન ઓછા ને ઓછા પ્રમાણમાં સાધન બ નું સ્થાન લે ત્યારે અ ના બદલામાં સાધન બ અવેજીકરણ કેટલા પ્રમાણમાં નક્કી કરવું એ માટે?

(ક) પેઢીના કદના વિકાસની સાથે એકમદીઠ ખર્ચ ઘટતું હોય, એવી અપાયેલ પરિસ્થિ પેઢીનું કદ નક્કી કરવા માટે?

(ડ) વસ્તુના ઉત્પાદન માટે જરૂરી કોઈ છૂટા ભાગનું ઉત્પાદન પેઢીએ જ કરવું કે અન્યત્ર આ આપીને તે છૂટા ભાગ મેળવવા તે નક્કી કરવા માટે?

(ઈ) અસ્તિત્વ ધરાવતા પેઢીના પ્લાન્ટમાં નવી ઉત્પાદન પદ્ધતિ ઉમેરતી વખતે પ્રક્રિયા અ ઉપયોગ કરવો કે પ્રક્રિયા બ નો ઉપયોગ કરવો એ નક્કી કરવા માટે?

૩. કોઈ એક અપાયેલ નિર્ણય લાંબા કે ટૂંકા ગાળાના પરિપ્રેક્ષ્યનો છે એ તમે કેવી રીતે ન કરશો? શું સંચાલકનો દરેક નિર્ણય ટૂંકા ગાળા અથવા લાંબા ગાળાના નિર્ણય તરીકે વર્ગીકૃ શકાય ? તમારા જવાબ માટેનાં કારણો આપો.

૪. સમ-સીમાન્તના સિદ્ધાંતને સમજાવો. આ સિદ્ધાંતના અમલ માટેની અનિવાર્ય શરતો જણાવો.

૫. સમય વટાવનો દર એટલે શું? તેને નક્કી કરતાં પરિબળો જણાવો.

ટૂંકા પ્રશ્નો ઉત્તરો સહિત

પ્ર. ૧. વૈકલ્પિક ખર્ચ એટલે શું? (એપ્રિલ - ૨૦૧૩, ૨૦૧૮, ઓક્ટોબર - ૨૦

વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ સંચાલકીય અર્થશાસ્ત્રનો એક અગત્યનો ખ્યાલ છે અને નિર્ણયીકરણ પ્રક્રિયામાં તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. વૈકલ્પિક ખર્ચ એટલે જતો કર શ્રેષ્ઠ વિકલ્પ કે જે તે જ સાધનો અથવા સમકક્ષ સાધનોના જૂથ વડે તેટલા જ ખર્ચે સંભવી આપણે જાણીએ છીએ કે નિર્ણયીકરણની પ્રક્રિયામાં સંચાલક સમક્ષ એક કરતાં વધારે વૈક નિર્ણયોમાંથી કોઇ એક શ્રેષ્ઠ નિર્ણયની તેણે પસંદગી કરવાની હોય છે. આ રીતે સંચાલક જ્યારે એક નિર્ણયની પસંદગી કરે છે, ત્યારે સ્વાભાવિક રીતે જ તેણે અન્ય વૈકલ્પિક નિર્ણયોના સં પરિણામોનો ત્યાગ કરવો પડે છે અથવા તે જતા કરવા પડતા હોય છે. આમ, સંચાલક જ્યારે એક નિર્ણયનો સ્વીકાર કરીને અન્ય વિકલ્પો જતા કરે છે, ત્યારે અન્ય વિકલ્પોમાંથી મળનારું સંભ મળતર એ સ્વીકારેલા વિકલ્પનું વૈકલ્પિક ખર્ચ છે. ટૂંકમાં, કોઇ એક નિર્ણયનું વૈકલ્પિક ખર્ચ એટલે નિર્ણય લેવાથી જતો કરવો પડતો શ્રેષ્ઠ વિકલ્પ.

દાખલા તરીકે, કોઇ એક સંચાલક પ્લાસ્ટિક ઉદ્યોગમાં ૫૦ લાખનું મૂડીરોકાણ કરવાનો નિ લે છે, તો આ મૂડીરોકાણનું વૈકલ્પિક ખર્ચ એટલે સંચાલકે અન્ય ક્ષેત્રોમાં મૂડીરોકાણ કરીને જે મ પ્રાપ્ત કર્યું હોય તે ગણી શકાય. આમ, અન્ય વિકલ્પોમાંથી પ્રાપ્ત થનારું વળતર એ પ્લા ઉદ્યોગમાં કરવામાં આવેલા મૂડીરોકાણનું વૈકલ્પિક ખર્ચ છે.

પ્ર. ૨. વટાવ એટલે શું? **(ઓક્ટોબર - ૨૦૦૬, ૨૦૧૧) અથવા**

વટાવનો સિદ્ધાંત એટલે શું? (એપ્રિલ-૨૦૧૨, ૨૦૧૩, ઓક્ટોબર - ૨૦૧૨) અથવા

વટાવ એટલે શું? તેનું સૂત્ર જણાવો. **(એપ્રિલ - ૨૦૧૪, ઓક્ટોબર - ૨૦૧૭)**

ધંધાકીય અર્થશાસ્ત્રમાં વટાવનો સિદ્ધાંત અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને ધંધાના વ્યવહારુ પ્રશ્નોમાં તેનો અવાર-નવાર ઉપયોગ થતો જોવા મળે છે. વિશેષ કરીને મૂડીરોકાણ અંગેના નિર્ણયો લેવામાં સંચાલકને આ સિદ્ધાંત ખૂબ જ ઉપયોગી નીવડે છે. નવા મૂડીરોકાણ અંગેના નિર્ણયો લેતી વખતે ભવિષ્યમાં તેમાંથી કેટલું વળતર પ્રાપ્ત થઈ રહેશે તેનો અંદાજ કાઢવો જરૂરી બને છે. આ જ હકીકત બીજી રીતે રજૂ કરીને એમ કહી શકાય કે, પેઢીની મૂડીની ભવિષ્યની કિંમતને વર્તમાનના મૂલ્યની બરાબર કરવા માટે તેમાંથી કેટલો વટાવ કાપી લેવો પડશે તે સંચાલક માટે જાણવું આવશ્યક થઈ પડે છે અને તે માટે વટાવનો સિદ્ધાંત તેને મદદરૂપ થાય છે. વટાવનો આ સિદ્ધાંત એ તર્ક ઉપર રચાયેલો છે. વ્યક્તિ આવતી કાલના રૂપિયા કરતાં આજનો રૂપિયો વધુ પસંદ કરે છે, એટલે કે આજના રૂપિયા કરતાં આવતી કાલનો રૂપિયો તેને નાનો દેખાય છે (એટલે કે, ઓછા મૂલ્ય વાળો જણાય છે). આમ, મૂડીની ભવિષ્યની કિંમતનો વર્તમાનના મૂલ્યની બરાબર કરવા માટે જે રકમ કાપી લેવામાં આવે છે તેને વટાવ તરીકે ઓળખવામાં આવે છે.

વટાવનું સૂત્ર નીચે પ્રમાણે છે :

$$A_0 = \frac{A_1}{1 + r}$$

અહીં A_0 = મૂડીનું વર્તમાન મૂલ્ય

A_1 = મૂડીનું એક વર્ષના અંતે મૂલ્ય

r = વ્યાજનો દર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

૧. વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ સવિસ્તર સમજાવો. **(ઓક્ટોબર - ૨૦૧૧, ૨૦૧૨, એપ્રિલ - ૨૦૧૩, ઓક્ટોબર - ૨૦૧૪)**

૨. ટૂંક નોંધ લખો : સમ-સીમાન્તનો સિદ્ધાંત **(ઓક્ટોબર - ૨૦૧૧, એપ્રિલ - ૨૦૧૩)**

૩. ટૂંક નોંધ લખો : વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ **(એપ્રિલ - ૨૦૧૨)**

૪. સમ-સીમાન્તનો સિદ્ધાંત આકૃતિ સહિત સમજાવો. **(એપ્રિલ - ૨૦૧૨)**

૫. ટૂંક નોંધ લખો : વૃધ્ધિનો ખ્યાલ **(ઓક્ટોબર - ૨૦૧૩, એપ્રિલ - ૨૦૧૫)**

૬. વૈકલ્પિક ખર્ચનો ખ્યાલની વિસ્તૃત સમજૂતી આપો. **(એપ્રિલ - ૨૦૧૪)**

૭. સમય પરિપ્રેક્ષ્યનો ખ્યાલ વિગતે સમજાવો. **(એપ્રિલ - ૨૦૧૫)**

૮. ટૂંક નોંધ લખો : વટાવનો સિદ્ધાંત **(ઓક્ટોબર - ૨૦૧૫, ૨૦૧૬)**

૯. ટૂંક નોંધ લખો : વૃધ્ધિનો ખ્યાલ **(એપ્રિલ - ૨૦૧૬, ૨૦૧૭)**

૧૦. વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ સમજાવો. **(ઓક્ટોબર - ૨૦૧૭)**

૧૧. ટૂંક નોંધ લખો : સમ-સીમાન્તનો સિદ્ધાંત **(ઓક્ટોબર - ૨૦૧૭)**

૧૨. ટૂંક નોંધ લખો : વટાવનો સિદ્ધાંત **(એપ્રિલ - ૨૦૧૮)**